# ૨૦મીએ ગાંધીનગરમાં ઉદ્ગમ સંવાદ કાર્યક્રમ

## ગાંધીનગરનાં સફળ ઉદ્યોગસાહસિક ઈલા જોશી પોતાની ગાથા કહેશે

ગાંધીનગર, તા. ૧૭

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે દસ વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને ઉદગમ વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. મહિલાઓના સંઘર્ષ અને સફળતાની વાત વડે સમાજમાં પ્રેરણા આપી હકારાત્મક પૂરું પાડવાના ઉદેશ્યથી ઉદ્ગમ ટ્રસ્ટ દ્વારા ઉદ્ગમ સંવાદની શરૂઆત કરવામાં આવી છે.

ઉદ્ગમ સંવાદ એ મહિલાઓ માટેનું પ્લેટફોર્મ છે જયાં મહિલાઓ સંવાદના માધ્યમથી મહિલાઓને નવી દિશા આપશે. દરેક સફળતાની સાથે એક વાત જોડાયેલી હોય છે, તે વાત આપણને સફળતા નવી ઊંચાઇ સ્પર્શ કરવાની પ્રેરણા આપવાનું પ્લેટફોર્મ એટલે ઉદ્ગમ સંવાદ.

ઉદ્ગમ સંવાદના પ્રથમ કાર્યક્રમમાં ગાંધીનગરનાં સફળ ઉદ્યોગસાહસિક ઈલા જોશી ભારતથી કેનેડાની સફરના સાહસ, સંઘર્ષ અને સફળતાની વાત કરશે. ૫૦ વર્ષની ઉંમરે જયારે આપણામાંના મોટાભાગના લોકો જીવનના નવરાશના સમય વિશે વિચારે છે, ત્યારે તેઓએ કેનેડા જઈને તેમનો અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસ બાદ કેનેડા ખાતે વ્યવસાય શરુ કરીને તેને નવી ઊંચાઈએ લઈ જઈને સફળતા પ્રાપ્ત કરી. ઉદગમ સંવાદ શરુ કરવાની પ્રેરણા આપનાર લેખિકા અને વક્તા ભૂમિકા ત્રિવેદી મુખ્ય મેહમાન તરીકે ઉપસ્થિત રહેશે.

તા. ૨૦ એપ્રિલ ૨૦૧૯ના રોજ સેક્ટર-૧૯ જિમખાના, ગાંધીનગર ખાતે બપોરે ૩.૪૫ વાગ્યાથી ઉદ્ગમ સંવાદનું આયોજન કરવામાં આવેલ છે. ગાંધીનગરના સહુ નગરજનોને મહિલાઓની સફળતાનાં સંવાદમાં સહભાગી થવા આમંત્રણ છે.

# વિશ્વ ધરતી દિવસ નિમિત્તે નિસર્ગ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

આપણા ઘર સમા આ પૃથ્વી ગ્રહની જાળવણી માટે દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૨૨ એપ્રિલ-ધરતિ દિન તરીકે ઉજવાય છે. દર વર્ષે ધરતી દિનની ઉજવણી વિવિધ વિષયોને અનુલક્ષીને કરવામાં આવે છે. આ વર્ષનો વિષય 'આપણી પ્રજાતિઓને સુરક્ષિત રાખીએ' રાખવામાં આવ્યો છે. સમગ્ર વિશ્વમાં આ વિષય આધારિત જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણના ભાગરૂપે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ચિત્રસ્પર્ધા તા. ૨૨મી એપ્રિલના રોજ સવારે ૮.૩૦ થી ૧૧ દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સે. ૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. આ ચિત્ર સ્પર્ધામાં બે વિભાગ રાખવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગમાં ધો. ૪ થી ધો. ૭ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે અને બીજા વિભાગમાં ધો. ૮ થી ધો. ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ચિત્રસ્પર્ધાનો વિષય 'પૃથ્વી બચાવો, જીવસૃષ્ટિ બચાવો' રાખવામાં આવ્યો છે. બંને વિભાગમાં પ્રથમ વિજેતાને રૂ. ૫૦૦, દ્વિતીય વિજેતાને રૂ. ૩૦૦ અને તૃતિય વિજેતાને રૂ. ૨૦૦ રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે. ચિત્ર માટે જરૂરી કલર, કંપાસ બોક્ષ, પેડ વગેરે વિદ્યાર્થીઓએ જાતે લાવવાનું રહેશે. વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓને ડ્રોઈંગ શીટ આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે હાર્દિક મકવાણા - ૯૪૨૬૪૫૧૧૦૨ અથવા શિવાંગ પટેલ - ૯૦૯૯૩૮૨૯૩૬ પર નામ નોંધાવવા વિનંતી કરવામાં આવી છે.

## સ્વૈચ્છિક સંસ્થાના સહયોગ થકી રાજ્યભરમાં ટ્રાન્સજેન્ડર દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા ૧૫ એપ્રિલે વિવિધ કાર્યક્રમો યોજી 'ટ્રાન્સજેન્ડર ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. ૧૫મી એપ્રિલ-૨૦૧૪ના રોજ ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા ત્રીજી જાતીના લોકોને કાયદાકીય ઓળખ અને માન્યતા મળે તે માટેનો મહત્વપૂર્ણ ચૂકાદો આપવામાં આવ્યો હતો.

આ સમુદાય એચ.આઇ.વી./એઇડ્સના જાતિય રોગથી બચેલા રહે તેમજ સમાજની મુખ્ય ધારામાં સામેલ થાય, પોતાના હક અને અધિકારો સાથે સમાજમાં ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે હેતુથી ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી સાથે જોડાયેલી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સુરત, રાજકોટ, દાહોદ વગેરે શહેરોમાં જાગૃતિ કાર્યક્રમો જૂથચર્ચા અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા 'ટ્રાન્સજેન્ડર ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. સમુદાયને સુપ્રિમ કોર્ટના નાલ્સા જજમેન્ટ વિશે અને ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડ તથા મળેલ કાનૂની અધિકારો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં ટ્રાન્સજેન્ડર સમુદાય અને સામાન્ય જનસમુદાય દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો તેવુ ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



**ચિત્રસેન શાહ**
હાસ્ય લેખક
મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧



**હસમુખ મેકવાન**
નાટ્યકાર
મો. ૯૪૨૬૫ ૭૮૩૨૬



**કે કે ચૌહાણ**
મો. ૯૯૭૪૬ ૮૯૧૮૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# બરોડાની ૮ વર્ષની બાળાએ વિશ્વવિક્રમમાં નામ નોંધાવ્યું




બરોડા ખાતે ૮ વર્ષની કુ.પાર્શ્વી ગડીયા એ ૧.૫ મિનિટમાં ૧૦૦ દેશના ફ્લેગ સાથે તે દેશની રાજધાની અને કરન્સી ઓળખીને નવો જ વિશ્વવિક્રમ કાયમ કર્યો છે. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સંસ્થા દ્વારા તેને બિરદાવીને વિશ્વવિક્રમ એનાયત કરવામાં આવ્યો હતો.

સંતોષ શુક્લ, સુચિતા શુક્લ , વિક્રમ ત્રિવેદી, અશ્વિનભાઈ ત્રિવેદી અને દિવ્ય ત્રિવેદી દ્વારા પાર્શ્વીને વિશ્વવિક્રમ એનાયત કરવામાં આવ્યો હતો

# ચિલોડા-શિહોલી માધ્યમિક શાળામાં ઈન-ચાર્જ આચાર્યનો વિદાય સમારોહ



ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગૃપ કેળવણી મંડળ સંચાલિત ચિલોડા-શિહોલી ગ્રુપ મા. ઉચ્ચ. માધ્યમિક શાળામાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા કર્મયોગી પટેલ ચીમનલાલ હીરાલાલ વયનિવૃતિના કારણે નિવૃત્ત થતાં તેમની સેવાઓને બિરદાવવા અને સન્માનિત કરવા માટે નિવૃત સન્માન સમારોહ કેળવણી મંડળના સભ્યો તથા મેનેજીંગ ટ્રસ્ટીની ઉપસ્થિતિમાં શાળા પરિવાર તથા સ્નેહીજનો, શુભેચ્છકો દ્વારા યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વામીનારાયણ સંપ્રદાયના ચૈતન્યસ્વામી, મેનેજીંગ ટ્રસ્ટી બાલસ્વરૂપદાસજી સ્વામી, બ્રહ્માકુમારી રાજયોગિની, તારાદીદી, જયશ્રીદીદી, ચિલોડા-શિહોલી કેળવણી મંડળના ટ્રસ્ટીગણ ટ્રસ્ટી કાલીદાસ એમ. પટેલ, શાળા નિયામક પી.પી. પટેલ, ચિલોડા ગામના આગેવાનો, ચિલોડા શાળાની આજુબાજુની શાળાના આચાર્યો, શિક્ષકો, જિલ્લા શિક્ષણ સાથે સંકળાયેલા પદાધિકારીઓ, નિવૃત્ત આચાર્યો, નિવૃત્ત શિક્ષકો, શુભેચ્છકો, સ્નેહીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નિવૃત્ત આચાર્ય ચીમનભાઈ પટેલની સેવાઓને બિરદાવી, શાળા પરિવાર દ્વારા તેમને સન્માનિત કરી નિવૃત જીવન શાંતિ,સુખ, નિરોગી તથા નિવૃતિમાં પ્રવૃતિમય રહે તેવી શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે પધારેલા તમામ મહાનુભાવોએ શુભેચ્છકો દ્વારા નિવૃત ચીમનભાઈ પટેલનો મોમેન્ટો, શાલ અને ભેટ અર્પણ કરી ઉમંગથી સન્માન કરતાં ગૌરવની લાગણી અનુભવી હતી. અંતમાં ચૈતન્યસ્વામી અને રાજયોગિની તારાદીદીએ આર્શીવચનો પાઠવી તેમની નિવૃતિકાળ સારી રીતે પસાર થાય તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે મગોડી કેળવણીમંડળના પ્રમુખ અને મંત્રી ઉપસ્થિત રહી ચીમનભાઈ પટેલને સન્માનિત કર્યા હતા.

# ગાંધીજીનો વિનોદ

॥ બીજો મણકો ॥

ગમે તેવા કપરા અને દુઃખદ પ્રસંગોમાં પણ પોતે હસીશકે છે માટે જ આવો મહાન બોજો તેઓ વહી શકે છે એમ ગાંધીજી કહેતા. તેમનું શિશુસરલ હાસ્ય તેમના વ્યક્તિત્વને અનેરો ઓપ આપતું. તેથી જ મહાત્માજીનું હાસ્ય જોવાનું સૌભાગ્ય જેને મળ્યું નથી તે મહાત્માજીને ઓળખતો નથી.




એક મિત્રને કહેલાં વચનોમાં ગાંધીજીની વિનોદવૃત્તિનું રહસ્ય આપણને સ્પષ્ટ સમજાય છે. તેમણે કહ્યું કે, 'જો મારામાં વિનોદવૃત્તિ ન હોત તો મારા પર અનેક દિશાઓમાંથી જે રોજ રોજ હુમલાઓ થાય છે તેણે મને ક્યારનો મારી નાખ્યો હતો. પણ મને ઈશ્વરમાં જીવંત શ્રદ્ધા છે. જ્યાં સુધી તે મને દોરવી રહ્યો છે ત્યાં સુધી બીજાઓ મારા વિશે શું કહે તેની મને પરવા નથી. તેમની ટીકાઓને હું રમૂજમાં લઉં છું અને જેઓ મને હસી રહ્યાં છે તેમના પ્રત્યે પણ હું હસી શકું છું.'

ગાંધીજીના એ હાસ્યચેતનાના ફુવારા તેમની વાણીમાં નિરંતર ઊડ્યા જ કરતા હતા. તેમાંથી કેટલાક ચૂંટીને અહીં મૂકવાનો મારો નમ્ર પ્રયાસ છે.

- લલ્લુભાઈ મકનજી (સંપાદક)

### ૧ - બાપા

ગાંધીજી ત્યારે મહાબળેશ્વરમાં આરામ લઈ રહ્યા હતા. એ તકનો લાભ લઈ કસ્તૂરબા સ્મારક ફંડના ટ્રસ્ટીઓએ મહાબળેશ્વરમાં જ ટ્રસ્ટની સભા રાખી. ગાંધીજી પ્રમુખપદે બિરાજ્યા હતા. એક પ્રશ્ન પર સભ્યો પોતપોતાનું મંતવ્ય રજૂ કરી રહ્યા હતા. ગાંધીજીના નાના પુત્ર દેવદાસ પણ ટ્રસ્ટના સભ્ય હોવાથી ત્યાં હાજર હતા. તેમને કંઈક કહેવું હતું પણ તે કહેતાં તેમને સંકોચ થતો હતો. અંતે તે બોલ્યા :

'બાપુ, આ પ્રશ્ન અંગે મારે પણ કંઈક કહેવું છે.'

ગાંધીજી : 'જરૂર, તમને જે યોગ્ય લાગે તે કહો.'

દેવદાસ : 'પણ બાપુ ! તમે જેનું સમર્થન કરી રહ્યા છો તેની વિરુદ્ધ મારે તો કહેવાનું છે.'

ગાંધીજી (હસીને) : 'આજ્ઞાંકિત પુત્રને તેના બાપના મોં પર કહેતાં સંકોચ થાય એ સ્વાભાવિક છે. પણ તમારે એવી લાગણી રાખવાની જરૂર નથી. જે કહેવું હોય તે કહો.'

પછી ઠક્કરબાપા તરફ આંગળી ચીંધી તેમણે ઉમેર્યું,

'પણ જોજો. અહીં એકને બદલે બે બાપા બેઠા છે. હું તમારી મૂંઝવણ સમજી શકું છું.'

રાજાજી સભામાં સહેજ દૂર બેઠા બેઠા આ વિનોદ સાંભળી રહ્યા હતા. તે દેવદાસના સસરા થાય એટલે પિતાતુલ્ય જ ગણાય. તેમણે ઉમેર્યું, 'બાપુ, અહીં બે નહીં, ત્રણ બાપા બેઠા છે.'



# બિહાર સંપર્ક એક્સપ્રેસને 'મધુબની' શણગાર

ગાંધીનગર, તા. ૧૭

સેપ્ટ કેમ્પસ, નવરંગપુરા ખાતે આવેલ હઠીસીંગ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર ખાતે તારીખ ૧૧ થી ૧૫ એપ્રિલ સુધી ખુબ સુંદર ચિત્રોનું પ્રદર્શન 'રંગાંજલિ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

નરેન્દ્ર ચૌહાણ દ્વારા આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રદર્શનમાં આયુષી ત્રિવેદી, જાગૃતિ આશરા, અમિત ભાંખરિયા, કલગી શાહ, એંજલ ચિતલિયા, કૃતેયુ વ્યાસ, અશ્વીન ભટ્ટ, નરેન્દ ચૌહાણ, ભૂમિ ડાભી, રૈના ચિતલિયા, હર્શુલ કેવડિયા, ઋતવી જાની, ઈશાની શાહ અને સિમ્મી મેહતા વિગેરે કલાકારોએ પોતાની સુંદર કૃતિઓ પ્રદર્શિત કરી જાગૃતિ આશરાએ જે 'મધુબની સિત્રશૈલી'માં દોરેલા તેમનાં જે ચિત્રો પ્રદર્શિત કર્યા છે, તે શૈલી આપણા દેશની એક અતિ-પૌરાણિક ચિત્રશૈલી છે.



આ ચિત્રશૈલિનું મૂળ બિહારમાં હોવાનું માનવામાં આવે છે. જ્યારે રાજા રામનાં લગ્ન સીતાજી સાથે નક્કી થયાં, ત્યારે સીતાજીના પિતા જનક રાજાએ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે દીકરીના સમગ્ર લગ્ન પ્રસંગને સુંદર ચિત્રોમાં આલેખવામાં આવે. તે સમયના ઉત્તમ કલાકારો એ રામ અને સીતાના લગ્નપ્રસંગને આ ચિત્રશૈલીમાં કંડાર્યો હતો.

આ જ ચિત્રશૈલિ આજના બિહાર રાજયના 'મધુબન પ્રદેશ'માં એવી ને એવી સચવાઈ રહી છે ને તેના નામ ઉપરથી મધુબન ચિત્રશૈલિ તરીકે ઓળખાય છે. ભારતીય રેલવેએ 'બિહાર સંપર્ક એક્સપ્રેસ' નામની આખી ટ્રેઈન બિહારની આ પારંપરિક પૌરાણિક ચિત્રકલાને જીવિત રાખવા મધુબની આર્ટનાં ચિત્રોથી સુશોભિત કરી છે, જે સમગ્ર વિશ્વમાં આજે આકર્ષણનું કેન્દ્ર બની ગઈ છે.

# એ માણસને શોધી કાઢવા મથતા ગઝલકારની 'હાકલ'

## ગઝલકાર પ્રતાપસિંહ ડાભી 'હાકલ'નો ચોથો ગઝલસંગ્રહ ૧૦૮ ગઝલ રચનાઓ ધરાવે છે




ગઝલ ૧૪મી સદીમાં અમીર ખુશરોથી લઈ ૨૧મી સદી સુધી ગભગ ૭૫૦ વર્ષની મજલ પૂરી કરી ચૂકી છે. 'સુખન બજનાન ગૂફ્તન' (પ્રેમાલાપ)થી લઈને આજે ગઝલ જિંદગીની હકીકતનું બયાન કરનાર એક સશક્ત કાવ્યપ્રકાર રૂપે પોતાની ઓળખ ઊભી કરી ચૂકી છે. આજે તો તમામ સમસ્યાઓ અને વિસંગતિઓ દેખાય છે, જેને આપણે અનુબવીએ છીએ. બેશક ગઝળ ઊર્દૂનો કાવ્યપ્રકાર છે પણ ગુજરાતીમાં ગઝલે પોતાના આગવા મિજાજથી લોકપ્રિયતા હાંસલ કરી છે. તેમાં અનેક અવાજો વચ્ચે પોતાનું સ્થાન અને ધ્યાન ખેંચવા 'ત્રાડ' સાથે પ્રવેશેલા અને હાકલા-પડકારા કરતા 'સન્નાટો' હોય ત્યાં 'પડઘા' પાડી હાંકલ કરનારા શાયરના ગઝલ સંગ્રહની વાત કરવી છે.

'એ માણસને શોધી કાઢો' ગઝલકાર પ્રતાપસિંહ ડાભી 'હાકલ'નો ચોથો ગઝલસંગ્રહ છે. જેને 'પોતાની દિશા પોતે જ ઉઘાડતો ગઝલકાર' તરીકે ગઝલના એક નિષ્ઠ ઉપાસક કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' બિરદાવે છે. તો શોભિત દેસાઈ 'ચાલો જોડાઈએ' કહી




કવિની 'શોધયાત્રા'માં જોડાય છે.

આ ગઝલસંગ્રહમાંથી પસાર થતા ૧૦૮ ગઝલ રચનાઓ મળે છે. કવિને કેવા માણસની શોધ છે.

સમય પડ્યે સઘળું છોડીને
સિંહ સમી જે ત્રાડ કરે છે
અમથો અમથો જે ના ગાજે
એ માણસને શોધી કાઢો

જીવનનો એક મહત્ત્વનો તબક્કો વનસેવામાં પસાર કર્યો છે તે કવિ ગઝલ કહેવાની લઢણ, જીવનના અનુભવોને તળપદી ભાલની ભાષામાં અને દરબારી મિજાજમાં ઢાળવાની ઢબ તેમની ગઝલોમાં પ્રગટ થતી જોવા મળે છે.

તેથી જ રાજેશ વ્યાસ તેમની પાસે હજુ વધુ સત્વશીલ ગઝલો સાંપડશે તેવી શ્રદ્ધા સેવે છે. શોભિત દેસાઈ કહે છે કે ગઝલના છંદમાં નિષ્ણાત હોય, લખવા ઉપર ખૂબ સંયમ રાખતો હોય, બે શબ્દની જગ્યામાં ઘણું બોલતો હોય અને પંક્તિઓ લખવાને બદલે ગૂંથતો હોય, શાયર તરીકે એવા માણસની શોધમાં ચાલો જોડાઈએ.

કેટલાક ગમી જાય તેવા શેર-

ન કહેશો પરંપરાગત,
આધુનિક કોઈ છાપ ન છાપો
પીડાની જ્યોત પ્રગટાવી
ગઝલને છાતીમાં સ્થાપો
દરદ તારું તો 'હાકલ' છે
અહીં દરિયાનું જાણે બૂંદ
ભૂલી એને સમષ્ટિની વ્યથાને
છાતીએ ચાંપો.

ઊભરાય ચારે કોર
અહીં દરિયા વસંતના
ખોબો ભરીને પી લઉં
મોજાં વસંતના
જાદુગરી ગજબ થઈ
ગઝલના ગોંદરે
'હાકલ'ની હાંકમાં ભળે
ટહુકા વસંતના

તેથી જ ડૉ. રશીદ મીર લખે છે કે 'હાકલ'ની ગઝલોની ભાષા જોતાં લાગશે કે ગુજરાતી ભાષાના લય-લઢણ, સંસ્કારો, રૂઢિ પ્રયોગો, કહેતીઓ, વ્યાકરણની અને ભાષાની તમામ વૈખરીને એ પોતાના ભાવ પ્રદેશની તળભૂમિ સાથે લઈને આવે છે.

ગઝલમાં ખુમારી અને મિજાજથી સામાયિકો અને મુશાયરાઓમાં છવાઈ જતા આ શાયરને હૃદયપૂર્વક અભિનંદું છું અને તેમના ચોથા ગઝળસંગ્રહને આવકારું છું.

એ માણસને શોધી કાઢો (ગઝલસંગ્રહ)
લેખક : પ્રતાપસિંહ ડાભી 'હાંકલ'
પ્રકાશક : રન્નાદે પ્રકાશ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૭, કિંમત : રૂા. ૧૨૫.૦૦